
ક્રોધાવેશમાં વ્યક્તિથી ક્યારેક એવું પાપાચરણ થઈ જાય છે કે જીવનભર તેણે પસ્તાવું પડે છે



આચમન

બિપિન પટેલ

અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને પ્રશ્ન કર્યો, ''ભગવાન! માણસ પોતે ઇચ્છતો ન હોવા છતાં પણ પરાણે જોડયો હોય તેમ કોનાથી પ્રેરાઈને પાપનું આચરણ કરે છે?'' ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું; ''કામઃ એષ ક્રોધઃ, કામનામાંથી ક્રોધનો જન્મ થાય છે. કામના અને ક્રોધ બંને મહાપાપી છે. એ જ વ્યક્તિને પાપ કર્મ કરવા તરફ પ્રેરે છે. (૩-૩૬,૩૭) જીવની કામના જ્યારે પૂરી નથી થતી કે એમાં કોઈ વિઘ્ન કે અવરોધ આવે છે ત્યારે ક્રોધની ઉત્પત્તિ થાય છે. જે મનુષ્યના વિવેકને નષ્ટ કરે છે, તેની બુદ્ધિને પણ ભ્રષ્ટ કરે છે. પરિણામે ક્રોધાવેશમાં પાગલ બનીને ક્યારેક તે એવું પાપકર્મ કરી બેસે છે કે જે તેને જીવનભર રડાવે છે. લાંબા સમયની કેદ કે આજીવન કેદની સજા ભોગવતા કેદીઓમાં એવા પણ મળી આવશે કે જેમણે ક્ષણિક ક્રોધાવેશમાં કોઈનું ખૂન કરી નાખ્યું હશે અથવા તો એવો જ કોઈ ભારે અપરાધ કર્યો હશે. ક્રોધાવેશમાં કરેલા એ પાપકર્મની સજા તો તે આ સ્થૂળ જગતની જેલની હવા ખાઈને ભોગવે જ છે પરંતુ પરમાત્માના દરબારમાં પણ તેણે એ પાપની સજા ભોગવવા માટે

> જીવની કામના જ્યારે પૂરી નથી થતી કે એમાં કોઈ વિઘ્ન કે અવરોધ આવે છે ત્યારે ક્રોધની ઉત્પત્તિ થાય છે, ક્રોધ મનુષ્યનો મહાન શત્રુ છે

તૈયાર રહેવું પડે છે. અર્થાત્ ક્યારેક ક્રોધ એવું પાપ કરાવે છે કે વ્યક્તિએ જીવનભર પસ્તાવું પડે છે.

ભારે આશ્ચર્ય તો એ છે કે જીવ પોતાના આ મહાન શત્રુને પોતાનો સહજ સ્વભાવ માને છે. તેમાં ય વળી પરશુરામ જેવા તો પોતાને મહાક્રોધી કહેવડાવામાં ગર્વ અનુભવે છે. સીતાજીના સ્વયંવર ધનુષયજ્ઞમાં ભગવાન શ્રીરામે કરેલા ધનુષભંગના પ્રચંડ ધ્વનિએ પરશુરામને ક્રોધિત કર્યો. ક્રોધાવેશમાં તેઓ જનકની એ સભામાં ધસી ગયા. સભામાં તેમના ક્રોધભર્યા શબ્દો પડઘાય ઊઠ્યા, 'હે જનક! મને જલ્દી જણાવ કે મારા ગુરુદેવ શિવજીનું ધનુષ તોડવાનું આ અપરાધકૃત્ય કોણે કર્યું ? નહિ તો... !! હું કોણ ? બાલ બ્રહ્મચારી અતિ કોહિ - હું પરશુરામ! બાલ બ્રહ્મચારી અને અતિ ક્રોધી પરશુરામ!' એ શબ્દો સાંભળીને સૌ ભયભીત બની ગયા. તરત જ ભગવાન શ્રીરામે સ્પષ્ટતા કરી કે એ કાર્ય તમારા આ સેવકે કર્યું છે. એ સાંભળીને પરશુરામ વિફર્યા. લક્ષ્મણજીએ તેમને થોડા ઉશ્કેર્યા, એટલે પરશુરામ વધુ ભડક્યા, ''રામ! તારો આ ભાઈ શરીરથી ગોરો છે, પરંતુ મનનો મેલો અને હૃદયથી કાળો છે. તે ઘણો પાપી છે.'' લક્ષ્મણજી વિચારવા લાગ્યા કે પરશુરામજી પોતે જ ક્રોધાવેશમાં અપમાનજનક કઠોર વ્યવહાર કરીને પાપાચરણ કરી રહ્યા છે અને મને પાપી કહે છે. તેમણે કહ્યું; ''તમે મને પાપી કહો છો પરંતુ ક્રોધાવેશમાં અનુચિત વ્યવહાર અને વાણી દ્વારા પાપ તો તમે કરી રહ્યા છો. હે મુનિ! શાસ્ત્રો કહે છે કે આ ક્રોધ તો પાપનું મૂળ છે - સુનહુ મુનિ ક્રોધ પાપ કર મૂલા. જરા સમજો અને શાંત થાઓ.'' તેમનો ક્રોધ શાંત ન થયો. અંતે જ્યારે ભગવાન શ્રીરામની વિનમ્રતા અને નિરાભિમાનતાએ પરશુરામનો સાચો પરિચય કરાવ્યો ત્યારે પરશુરામને ખૂબ પસ્તાવો થયો કે સ્વયં વિષ્ણુના અવતાર શ્રીરામ સમક્ષ ક્રોધાવેશમાં પોતે કેવો અભદ્ર વ્યવહાર કર્યો, કેવું અક્ષમ્ય પાપાચરણ કર્યું. કદાચ એ પસ્તાવો જીવનભર તેમને પીડતો રહ્યો હશે. ક્રોધ મનુષ્યનો મહાન શત્રુ છે. ક્રોધ તીવ્ર વિષ છે. ક્રોધ પતનકારી છે. શ્રીરામને શરણે જઈએ અને એ મહાપાપી ક્રોધથી બચીએ.

ખરું નેતૃત્વ કેવું હોય?



અજવાળાં

દુર્ગેશ ઉપાધ્યાય

ચીનના વિચારક કન્ફ્યુશિયસના જીવનની એક વાત છે. એક વાર કન્ફ્યુશિયસ તેમના શિષ્યો સાથે પ્રવાસ કરી રહ્યા હતા. ચાલતાં-ચાલતાં એવા જંગલ વિસ્તારમાં આવી ગયા કે ત્યાં પડતાં અનેક રસ્તાના કારણે કયા રસ્તે જવું એ મૂંઝવણ પેદા થઈ. કયો રસ્તો ક્યાં જાય છે એ જંગલમાં કોને પૂછવું? તેમના શિષ્યોને ચિંતા થવા લાગી. બધા એક મોટા વૃક્ષની નીચે બેસી વિચારવા લાગ્યા. એટલામાં એક ઘરડો ઘોડો જતો દેખાયો, એ ઘરડો હોવાથી ધીમેધીમે ચાલતો હતો. ત્યારે કન્ફ્યુશિયસને વિચાર આવ્યો કે, આ ઘોડા પાછળ ચાલવું જેથી ખરો રસ્તો મળી જશે. એમણે શિષ્યોને કહ્યું કે, ''ચલો, આ ઘોડા પાછળ ચાલવા માંડો, એ ઘોડાને આગળ ચાલવા દેવો અને આપણે પાછળ જ ચાલવું.'' એમ કરતાં ઘોડાની પાછળ ચાલવા લાગ્યા અને આગળ જતાં તેઓ ખરા માર્ગે પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી ગયા. શિષ્યોને આશ્ચર્ય થયું. આ ઘોડાએ ખરો રસ્તો બતાવ્યો. એનું રહસ્ય જાણવા તેમના ગુરુ કન્ફ્યુશિયસને પૂછ્યું; ત્યારે કન્ફ્યુશિયસે કહ્યું; ''વૃદ્ધ લોકો કે અનુભવી પ્રાણીઓ પાસે જે જ્ઞાન હોય છે તે ઘણી વાર પુસ્તકો કે ગુરુજનો પાસે પણ નથી હોતું માટે તેમનો આદર કરી તેમને અનુસરવું.''

વૃદ્ધ વ્યક્તિ ભણેલા ન પણ હોય પણ ગણેલા હોય છે એમ આપણે કહીએ છીએ. એ વાત મહદ અંશે સાચી હોય છે. વૃદ્ધો પાસે જે અનુભવ છે, તેમાંથી શક્ય તે શીખવું.

અહીં વૃદ્ધ ઘોડો રસ્તાનો અનુભવી હતો એટલે તેની પાછળ ચાલવાથી સાચો રસ્તો મળી ગયો અને બધા મંજિલે પહોંચી શક્યા.

એમ વૃદ્ધોનો આદર કરી તેમને અનુસરવું, તેમની વાત સ્વીકારવી. એવી શીખ આ પ્રસંગ પરથી મળી શકે છે. આ બાબત નવી પેઢીએ ધ્યાન પર લેવા જેવી છે.

માણસનું મૂલ્ય તેના દેખાવ કે રહેણી-કરણી પરથી આંકવું એ ભૂલભરેલું છે, ખૂબ સામાન્ય દેખાતા માણસ પાસે પણ અદ્ભુત જ્ઞાન કે અનુભવો યા તો કોઈ પણ પ્રશ્નોના નિકાલ કરવાની વિશિષ્ટ

> વૃદ્ધ લોકો કે અનુભવી પ્રાણીઓ પાસે જ જ્ઞાન હોય છે તે ઘણી વાર પુસ્તકો કે ગુરુજનો પાસે પણ નથી હોતું માટે તેમના આદર કરી તેમને અનુસરવું

આવડત હોય છે. એ ગમે તેવી કઠીન પરિસ્થિતિમાં માર્ગદર્શક બની શકે છે. વળી કન્ફ્યુશિયસ શિષ્યોને કહેતા કે કોઈ પણ સમસ્યાનું નિરાકરણ માત્ર જ્ઞાન આધારિત નથી હોતું, અનુભવો આધારિત પણ હોય છે માટે પરિસ્થિતિ જોઈને ઉપલબ્ધ સાધન કે સમય ઓળખીને તેને અનુરૂપ થવું અથવા તે સ્થિતિમાંથી શીખવું એ સાચો માર્ગ છે.

સાચા નેતૃત્વનો આ પણ એક ગુણ છે, જે કન્ફ્યુશિયસે સાબિત કર્યું છે. નમ્રતાપૂર્વક બીજાની વાત કે માર્ગદર્શન સ્વીકારવું. વિનમ્રતા અને સરળતા પણ સાચા નેતાનાં લક્ષણો છે. અભિમાન નેતૃત્વ માટે હાનિકારક છે એ યાદ રાખવું ઘટે.

સપ્તાહનાં વ્રત-તહેવાર

તા.૧૬ થી તા.૨૨ નવેમ્બર ૨૦૨૬



તા. ૧૬ સોમવાર

કારતક સુદ સાતમ, શ્રી જલારામ જયંતી, જૈન કારતક અઠ્ઠાઈ પ્રારંભ, મહાલય પૂરા, શ્રીસહસ્ત્રાર્જુન જયંતી

તા. ૧૭ મંગળવાર

કારતક સુદ આઠમ, દુર્ગાષ્ટમી, ગોપાષ્ટમી, પંચક પ્રા. બપોરે ૩-૩૨.

તા. ૧૮ બુધવાર

કારતક સુદ નોમ, વૃદ્ધિ તિથિ, અક્ષય, કુષ્માંડ નોમ, કૃત યુગાદિ, પંચક.

તા. ૧૯ ગુરુવાર

કારતક સુદ નોમ, શ્રી રંગ અવધૂતજીની જયંતી (નારેશ્વર), પંચક, વરિષ્ઠ નાગરિક દિન.

તા. ૨૦ શુક્રવાર

kkk કારતક સુદ દશમ, એકાદશી ક્ષય તિથિ, દેવઊઠી- પ્રબોધિની એકાદશી (સ્માર્ત) બિલિપત્ર, પંચક, ભીષ્મપંચક વ્રત, શ્રી વિઠ્ઠલ નવરાત્ર શરૂ

તા. ૨૧ શનિવાર

કારતક સુદ બારસ, તુલસી વિવાહ પ્રારંભ, દેવઊઠી-પ્રબોધિની એકાદશી(ભાગવત), ચાતુર્માસ સ.,પંઢરપુરયાત્રા, ગરુડ દ્વાદશી, પંચક સમાપ્ત મળસ્કે ૫-૫૬ કલાકે.

તા. ૨૨ રવિવાર

કારતક સુદ તેરસ, પ્રદોષ, ગોરક્ષનાથ જયંતી, વૈકુંઠ ચતુર્દશીનો ઉપવાસ.